પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૩૧, કુલ પાના:૪, તારીખ: ૨૫-૦૫-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 231 PRICE :-RS. 1.50 DATE : 25-05-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### હવે ગુજરાતીઓ ભરાયા, કોનું માનવું

## મોદી સરકારે કહ્યું, રજિસ્ટ્રેશન જરૂરી નહીં : રૂપાણી સરકારે કહ્યું ફરજિયાત રહેશે

ન્યુ દિલ્હી/ગાંધીનગર,
દેશભરમાં વેક્સિનની અછતથી લાઈનો લાગવાની સાથે લોકોને સ્લોટ મળી રહ્યાં નથી. તાઉ તે બાદ ગુજરાતમાં હવે વેક્સિનેશન ઝડપ પકડે તેવી સંભાવના વચ્ચે આજે લેવાયેલા નિર્ણયોએ ગુજરાતીઓને ભરાવી દીધા છે. મોદી સરકારે આદેશ કર્યો છે કે, ૧૮થી ૪૪ વર્ષના લોકોએ વેક્સિન માટે એડવાન્સમાં રજિસ્ટ્રેશન કરવાની જરૂર નથી. તેઓ સ્થળ પર જ રજિસ્ટ્રેશન કરી વેક્સિન લઈ શકે છે, આ આદેશના ગણતરીના કલાકોમાં જ ગુજરાતમાં જયંતિ રવીએ કહ્યું છે કે ગુજરાતમાં રજિસ્ટ્રેશન વિના વેક્સિન નહીં મળે. ગુજરાતમાં વેક્સિનેશન માટે એપના માધ્યમથી રજિસ્ટ્રેશનની પદ્ધતિ યથાવત છે.

આરોગ્ય અગ્ર સચિવ ડૉ. જયંતિ રવીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે રાજ્યમાં ૧૮ થી ૪૪ વયના લોકો માટે કોરોના વેક્સિનેશન હવે



ઓનલાઈન રજીસ્ટ્રેશન વિના ઓન સ્પોર્ટ રજીસ્ટ્રેશનથી થઈ શકશે તેવા જે અહેવાલો પ્રચાર માધ્યમોમાં વહેતા થયા છે તેમાં કોઈ તથ્ય નથી. તેમણે જણાવ્યું છે કે રાજ્ય સરકાર દ્વારા હાલ જે રીતે વેક્સિનેશનની પ્રક્રિયા પ્રાયોર રજીસ્ટ્રેશનથી સ્થળ, સમય અને તારીખ આપીને કરવામાં આવે છે તે જ પ્રક્રિયા હાલ રાજ્યમાં યથાવત છે. રાજ્ય સરકારે હાલની વેક્સિનેશન માટે વેબસાઈટ અને એપના માધ્યમથી રજીસ્ટ્રેશનની જે પદ્ધતિ છે તે યથાવત રાખેલી છે

જ્યારે કેન્દ્ર સરકારે ૧૮થી ૪૪ વર્ષના લોકો માટે રજિસ્ટ્રેશન હટાવી દીધું છે. એટલે કે હવે આ એજ ગ્રુપના લોકોને સ્થળ પર જ વેક્સિન મળશે. આ ઉંમરના લોકો માટે હવે ઑનસાઈટ રજીસ્ટ્રેશન હશે.

એટલે કે આ ઉંમરના લોકો માટે ઑનલાઈન રજીસ્ટ્રેશનની સુવિધા તો રહેશે જ, હવે આ લોકો ઑફલાઈન પણ વેક્સિનેશન સેન્ટર પર જઈને રજીસ્ટ્રેશન કરાવી શકશે. આ સુવિધા એટલા માટે પણ શરૂ કરવામાં આવી રહી છે જેનાથી રસીનો બગાડ અટકાવી શકાય. એટલે કે જો ઑનલાઈન રજીસ્ટ્રેશન દ્વારા એટલા લાભાર્થી નથી પહોંચી રહ્યા અને વેક્સિનના ડોઝ ઉપલબ્ધ છે, તો સેન્ટર પર પણ રજીસ્ટ્રેશન લોકોને વેક્સિન લગાવવામાં આવશે.

આ નવી વ્યવસ્થાનો ઉલ્લેખ કોવિન પ્લેટફોર્મ પર કરવામાં આવી રહ્યો છે. અત્યારે નવી સુવિધા સરકારી વેક્સિનેશન સેન્ટર્સ પર જ હશે. સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી એક સત્તાવાર નિવેદન જાહેર કરતા જણાવ્યું છે કે રાજ્ય અને સ્વાસ્થ્ય અધિકારીઓ સાથે ચર્ચા બાદ હવે આ ઉંમરના લોકો માટે સાઈટ રજીસ્ટ્રેશન સુવિધા શરૂ કરવામાં આવી રહી છે. ઑનલાઈન બૂકિંગમાં દિવસના અંત સુધી કેટલાક ડોઝ બચી શકે છે, જેમકે કોઈ લાભાર્થી વેક્સિનેશનવાળા દિવસે ના આવ્યો. તો આવામાં ઑન સાઈટ રજીસ્ટ્રેશનની સુવિધા લઈ શકનારા લોકોને વેક્સિન લગાવી શકાશે. આનાથી વેક્સિનનો બગાડ નહીં થાય. બીજું કે કોવિન પર ભલે એક મોબાઈલ નંબર પર ૪ લાભાર્થીઓનું રજીસ્ટ્રેશન થઈ રહ્યું હોય અથવા પછી આરોગ્ય સેતુ અથવા ઉમંગ જેવી એપ પર રજીસ્ટ્રેશન થઈ રહ્યું છે, પરંતુ ઘણા એવા લોકો છે જેમને ઑન સાઈટ રજિસ્ટ્રેશનની જરૂરીયાત છે અથવા તેમની પાસે ઈન્ટરનેટ અથવા સ્માર્ટફોનની પહોંચી નથી આવામાં તેમને વેક્સિનેશનમાં મુશ્કેલી પડે છે, જેને નિવારી શકાય.

આ સુવિધા હાલમાં ખાનગી કોવિડ રસીકરણ સેન્ટર માટે ઉપલબ્ધ નથી. ખાનગી સીવીસીએ પોતાના રસીકરણ કાર્યક્રમને ખાસ કરીને ઓનલાઈન અપોઈન્મેન્ટ માટે સ્લોટની સાથે જાહેર કરવાના રહેશે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને ૧૮થી ૪૪ વર્ષા લોકો માટે ઓન સાઈટ રજિસ્ટ્રેશન અને અપોઈન્ટમેન્ટ સુવિધાનો ઉપયોગ કરવાની મર્યાદા અને રીત સંબંધિત રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ સરકારના નિર્ણયનું કડકાઈથી પાલન કરવા માટે તમામ જિલ્લા રસીકરણ અધિકારીઓને સ્પષ્ટ નિર્દેશ આપવા કહ્યું છે.

લાભાર્થીઓને રસીકરણ સેવા આપવા માટે પૂરી રીતે ખાસ સેશનનું આયોજન પણ કરી શકાય છે. જ્યાં પણ આ પ્રકારના પુરી રીતે અનામત સેશન આયોજિ કરવામાં આવે છે, એવા લાભાર્થિઓને પુરતી સંખ્યામાં સાથે લાવવા માટે તમામ પ્રયત્ન કરવા જોઈએ.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સલાહ આપી છે કે રસીકરણ કેન્દ્ર પર ભીડભાડથી બચવા માટે ૧૮-૪૪ વર્ષ માટે ઓન સાઈન રજિસ્ટ્રેશન અને અપોઈન્ટમેન્ટ શરૂ કરતા સમયે વધારે સાવધાની રાખવી જોઈએ કારણ એવામાં ભીડ થવાની શક્યતા છે. ડૉ. જયંતિ રવિએ જણાવ્યું છે કે, રાજ્ય સરકાર દ્વારા હાલ જે રીતે વેક્સિનેશનની પ્રક્રિયા પ્રાયોર રજીસ્ટ્રેશનથી સ્થળ, સમય અને તારીખ આપીને કરવામાં આવે છે તે જ પ્રક્રિયા હાલ રાજ્યમાં યથાવત છે. રાજ્ય સરકારે હાલની વેક્સિનેશન માટે વેબસાઈટ અને એપના માધ્યમથી રજિસ્ટ્રેશનની જે પદ્ધતિ છે તે યથાવત રાખેલી છે. અત્રે નોંધનીય છે કે, કેન્દ્રએ આ સૂચના તમામ રાજ્યોને મોકલી છે અને તેમને સ્થળ પર નોંધણી સુવિધા શરૂ કરવા જણાવ્યું છે. એ રાજ્યો પર આધાર રાખે છે કે તેઓ આ સુવિધા પોતાને ત્યાં શરૂ કરે છે કે નહીં.

### ૧૮થી ૪૪ વયનાને અઠવાડિયા સુધી રોજ રસીના ૧ લાખ ડોઝ અપાશે

ગુજરાતમાં કોરોનાના નવા કેસો ઝડપથી ઘટી રહ્યા છે યારે સાજા થઈ રહેલા દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ત્યારે મુખ્યમંત્રી વિજય પાણીએ રાયમાં કોરોના રસીકરણ અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાયમાં ૧૦ શહેરોમાં ચાલી રહેલી ૧૮થી ૪૪ વય જૂથના લોકોની રસીકરણની કામગીરીમાં દરરોજના ૩૦ હજાર ડોઝ આપવામાં આવે છે તે વધારીને આજથી એક અઠવાડિયા સુધી દરરોજના ૧ લાખ ડોઝ આપવાનો નિર્ણય કર્યો છે. રાયમાં ૧૮થી ૪૪ની વય જૂથના યુવાઓનું રસીકરણ ઝડપથી અને વ્યાપકપણે થાય તેમજ વધુને વધુ યુવાઓને સીકરણનો લાભ આપી કોરોનાથી સુરક્ષિત રાખવાના આરોગ્યરક્ષા ભાવ સાથે વિજય પાણીએ આરોગ્ય વિભાગને એક સાહ સુધી ૧ લાખ ડોઝનું રસીકરણ કરવા સૂચવ્યું છે. વિજય પાણીના યુવા આરોગ્ય હિતકારી નિર્ણયથી અગાઉ ૩૦ હજાર યુવાઓના રોજ થતા રસીકરણમાં હવે દરરોજના એક લાખ યુવાઓને આવરી લેવાશે.

## રાજ્યમાં ગરમીની ઘટ વચ્ચે આગામી ૫ દિવસ વરસાદની આગાહી

અમદાવાદ,
'તાઉ તે' વાવાઝોડાની વિદાય પછી પણ હજુ કમોસમી વરસાદની આગાહી હવામાન ખાતાએ કરી છે. આગામી ૨૪ કલાકમાં કચ્છ અને સૌરાષ્ટ્રમાં અમુક સ્થળો પર હળવા વરસાદની આગાહી હવામાન ખાતાએ કરી છે. હજુ ભેજનું ઉંચું પ્રમાણ હોય રાત્રે ઠંડક અનુભવાઈ રહી છે. ૨૪ કલાક પછી ગરમીનો પારો ઉંચો જશે તેમ હવામાન ખાતાનું કહેવું છે.

હાલમાં દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન નીચલા સ્તર પર ફૂંકાઈ રહ્યો છે. તેના કારણે ભેજનું પ્રમાણે સવારે ૮.૩૦ વાગ્યે ૭૩ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૪૯ ટકા જેટલું ઉંચું રહે છે. હવામાન ખાતાની આગાહી મુજબ અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેશે. મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી રહેશે. મહત્તમ તાપમાનમાં આગામી ૨૪ કલાક સુધી કોઈ ફેરફાર થશે નહીં.

ત્યારબાદ ૦૨થી ૦૩ ડિગ્રી સુધી તાપમાન વધશે વાવાઝોડાના કારણે માંડ માંડ ગરમી જામી હતી ત્યાં હળવી ઠંડક આવી ગઈ છે. ભેજયુક્ત પવનના કારણે સ્થિતિ એવી બની છે કે લોકો પરસેવે રેબઝેબ બની જાય છે. આવી ગરમી, બફારો અને પરસેવો વળવાની ઘટના ચોમાસામાં બનતી હોય છે. કેમકે ત્યારે ગરમી ખાસ્સી ઘટી ગઈ હોય છે. હજુ તો વૈશાખ માસ ચાલી રહ્યો છે અને આકરાં તાપ પડવા જોઈએ તેના બદલે ગરમી ઘટી ગઈ છે.

રાજકોટ અને કચ્છમાં હળવો વરસાદ પડી શકે છે. જ્યારે સૌરાષ્ટ્રના અન્ય જિલ્લા, દીવ, દમણ, દાદરા, નગર હવેલીમાં વાતાવરણ સુક્કું રહેશે.

પાંચમા દિવસે તા.૨૭ થી ૨૮ની વચ્ચે હળવાથી ભારે વરસાદ વલસાડ, નવસારી, દમણ, દાદરા નગર હવેલીમાં વરસશે. જ્યારે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ ગુજરાત અને દીવમાં સુક્કું વાતાવરણ રહેશે.

આગામી ૨૭ અને ૨૮મી મેના રોજ દક્ષિણ ગુજરાતના છૂટાછવાયા વિસ્તારમાં કમોસમી વરસાદ પડશે તેવી હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. ખાસ કરીને નવસારી અને વલસાડમાં વરસાદી ઝાંપટા પડવાની વકી છે. બીજી તરફ સુરતમાં રવિવારે બપોર સુધી વાદળછાયું વાતાવરણ છવાયેલું રહ્યું હતું. વાદળછાયા વાતાવરણ વચ્ચે પણ મહતમ તાપમાનમાં ૧ ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો હતો. રવિવારે સુરતનું મહતમ તાપમાન ૩૪.૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૮.૦ ડિગ્રી નોંધાયું હતુંય જ્યારે હવામાં ભેજનું પ્રમાણ ૬૬ ટકા અને પવનની મહતમ ઝડપ પ્રતિ કલાક ૮ કિલોમીટરની નોંધાઈ હતી. મહતમ તાપમાનમાં ૧ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. તાપમાન વધવા સાથે આકરી ગરમી અને બફારાએ ઉપાડો લેતાં લોકો તોબા પોકારી ઉઠયાં હતા. બપોરે ચામડી દઝાડતી ગરમી લાગતા લોકોએ બહાર નીકળવાનું ટાળ્યું હતું. બીજી તરફ હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૨૭ અને ૨૮મી મેના રોજ નવસારી, વલસાદ સહિત દક્ષિણ ગુજરાતના છૂટાછવાયા વિસ્તારમાં વરસાદ પડી શકે છે.

## રાજ્યમાં ૭મી જૂનથી નવું શૈક્ષણિક સત્ર: ૫૧ જેટલા પાઠપુસ્તકો બદલાશે

અમદાવાદ,
કોરોનાનું સંક્રમણ ઓછું થઈ રહ્યું છે ત્યારે હવે આગામી ૭ જુનથી રાયની સ્કૂલોમાં નવુ શૈક્ષણિક સત્ર થવાના સંકેતો જણાઈ રહ્યાં છે. શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ.૩થી ધો.૧૨ સુધીમાં ૧૮ જેટલા વિષયના અંદાજે ૫૧ જેટલા પાઠયપુસ્તકોમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જે નવા શૈક્ષણિક સત્રથી નવા બદલાયેલા પુસ્તકો વિધાર્થીઓને ભણાવાશે.

સમયાંતરે પાઠયપુસ્તકોમાં ફેરફાર કરવામાં આવતો હોય છે. બે વર્ષ પહેલા પણ મોટા પ્રમાણમાં પુસ્તકો બદલવામાં આવ્યાં હતા. રાયમાં નવા શૈક્ષણિક સત્રથી ધોરણ—૩થી ધોરણ—૧૦ અને ધોરણ—૧૨ના નવા ૫૧ જેટલા પુસ્તકો અભ્યાસક્રમમાં અમલમાં આવશે. જેમાં ધોરણ—૯ના ૫, ધોરણ—૭ના ૩, ધોરણ—૩ના ૧, ધોરણ—૪ના ૧, ધોરણ—૫ના ૨, ધોરણ—૬ના ૨, ધોરણ—૮ના ૨, ધોરણ—૧૦ના ૧ અને ધોરણ—૧૨ના ૧ વિષયના પુસ્તકમાં ફેરફર કરવામાં આવ્યો છે. પુસ્તકો બદલાયા બાદ પ્રિન્ટ પણ થઈ ચુકયા છે અને સંભવત બજારમાં પણ મળી રહ્યા હોવાનું જાણવા મળે છે.

પાઠય પુસ્તક મંડળ દ્વારા ધોરણ—૯ અને ધોરણ—૧૧ના નવા પુસ્તકો ૨૦૧૬માં તૈયાર કરવામાં આવ્યા હતા. જો કે તેમાં કેટલાક પુસ્તકો ૨૦૧૭માં તૈયાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ધોરણ—૧૦ અને ધોરણ—૧૨માં પણ નવા પુસ્તકો ૨૦૧૭માં અમલમાં આવ્યા હતા.

## ખુલાસો: ચીને જ ફેલાવ્યો કોરોના, વુહાન લેબના સંશોધકો થયા હતા પહેલા સંક્રમિત

વોશિંગ્ટન,
કોરોના વાયરસ મહામારીના કારણે દુનિયાભરમાં ૩૪ લાખથી વધારે મોત છતા આની ઉત્પત્તિને લઈને અત્યાર સુધી અટકળો લગાવવામાં આવી રહી છે. દુનિયાના અનેક દેશ આ ખતરનાક વાયરસના પેદા થવાની જગ્યા ચીનની વુહાન ઈન્સ્ટિટ્યુટ ઑફ વાયરોલોજીને માને છે. તેમનો દાવો છે કે ચીને આ મહામારીથી જોડાયેલી મહત્વની જાણકારીઓ છૂપાવીને આને આખી દુનિયામાં ફેલાવ્યો. હવે નવો ખુલાસો થયો છે કે નવેમ્બર ૨૦૧૯માં આ લેબમાં કામ કરનારા ત્રણ રિસર્ચર્સ એટલા બીમાર થઈ ગયા હતા કે તેમને હૉસ્પિટલમાં ભરતી કરવા પડ્યા હતા. મોટી વાત એ છે કે એ સમયે આખી દુનિયા કોવિડ-૧૯ના નામથી અજાણ હતી.

આનો ખુલાસો અમેરિકન મીડિયા વૉલ સ્ટ્રીટ જર્નલે અજ્ઞાત અમેરિકન ખુફિયા રિપોર્ટના આધારે કર્યો છે. માનવામાં આવી રહ્યું છે કે આનાથી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનને કોવિડ-૧૯ વાયરસની ઉત્પત્તિ વિશે ઘણી સહાયતા મળી શકે છે. આજે WHOની એક બેઠક થવાની છે, જેમાં વાયરસની ઉત્પત્તિને લઈને ચર્ચા કરવામાં આવશે. આ રિપોર્ટને અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળના અંતિમ દિવસોમાં સ્ટેટ ડિપાર્ટમેન્ટ ફેક્ટ શીટમાં જાહેર કરવામાં આવ્યો હતો.

ચીનની વુહાન લેબમાં બીમાર પડેલા ત્રણ રિસર્ચર્સના બીમાર થયાની આ ખુફિયા જાણકારીને લઈને WHOથી જોડાયેલા અધિકારીઓએ



અલગ-અલગ મંતવ્ય રાખ્યા છે. કેટલાક નિષ્ણાતોએ આને કોવિડની ઉત્પત્તિથી જોડાયેલી મહત્વની સાંકળ ગણાવી છે. તો કેટલાકે કહ્યું છે કે આ સૂચનાને આંતરરાષ્ટ્રીય ભાગીદાર દ્વારા પ્રાપ્ત કરવામાં આવી છે. આ કારણે અત્યારે પણ અમારે આગળની તપાસ અને અતિરિક્ત પુષ્ટીની જરૂરિયાત છે. જો કે અનેક અમેરિકન અધિકારીઓએ આને ઘણો મજબૂત પુરાવો ગણાવ્યો છે.

દુનિયાના અનેક ટોચના મહામારી વૈજ્ઞાનિકો અને વાયરોલોજિસ્ટોનું માનવું છે કે કોવિડ-૧૯ મહામારી SARS-CoV-2નો જન્મ નવેમ્બર ૨૦૧૯માં ચીનના વુહાન શહેરથી થયો, જ્યારે ચીનનું કહેવું છે કે આ વાયરસનો પહેલો પુષ્ટ મામલો ૮ ડિસેમ્બર ૨૦૧૯ના આવ્યો હતો, જ્યારે એક વ્યક્તિની અંદર આ વાયરસ જોવા મળ્યો. ચીન ઉપર શક એ કારણે પણ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે, કારણ કે તેણે અત્યાર સુધી વુહાન ઈન્સ્ટિટ્યુટમાં ચામાચિડીયામાં જોવા મળતા કોરોના વાયરસને લઈને કરવામાં આવી રહેલા પોતાના વ્યાપક કાર્યનો ડેટા, સુરક્ષા લૉગ અને લેબ રેકૉર્ડ શેર નથી કર્યો.

વૉલ સ્ટ્રીટ જર્નલના આ રિપોર્ટને લઈને અમેરિકન વિદેશ મંત્રાલયે કહ્યું છે કે, અમે ચીનની લેબથી આ વાયરસ ફેલાયો હોવાના સિદ્ધાંતને અત્યારે પણ માનીએ છીએ, આ કારણે અમે આના પ્રચારથી પાછા નહીં હટીએ. જો કે બાઈડન સરકારે ટ્રમ્પના સમયના એ ખુફિયા રિપોર્ટ વિશે ટિપ્પણી કરવાને લઈને ઈનકાર કરી દીધો છે. બીજી તરફ પોતાના ત્યાંથી કોરોના વાયરસની ઉત્પત્તિ થઈ હોવાની વાતો માનતું નથી.

## જૂનના પહેલા અઠવાડિયાથી ખુલવા લાગશે દેશ, સાવચેતી રાખવી જરૂરી

ન્યુ દિલ્હી,
દેશમાં કોરોના સંક્રમણ ઝડપથી ઘટી રહ્યું છે અને સાજા થનારા દર્દીઓની વધી રહેલી સંખ્યાને જોતા જૂનના પહેલા અઠવાડિયાથી લોકડાઉનથી રાહત મળવાની આશા વધી ગઈ છે. આર્થિક ગતિવિધિઓ શરૂ થશે. જો કે આરોગ્ય મંત્રાલયના એક સીનીયર અધિકારીએ લોકડાઉન હટાવવામાં અત્યારે સાવચેતી રાખવાની સલાહ આપી છે. કહેવામાં આવ્યું છે કે પોઝિટિવીટી દર નક્કી કરેલા માપદંડમાં આવી જવા છતાં તેના પર નજર રાખવી પડશે કે સંખ્યા ફરીથી વધવા ના લાગે. આરોગ્ય મંત્રાલયના એક સીનીયર અધિકારીએ કહ્યું કે, જ્યાં સંક્રમણ દર ૧૦ ટકાથી ઓછો છે અને સતત ઘટી રહ્યો હોય, ત્યાં ગતિવિધિઓ શરૂ થવી જોઈએ. આવા જિલ્લાઓની સંખ્યા વધી છે અને એ સંકેત છે કે દેશ બીજી લહેરમાંથી બહાર નિકળવાના માર્ગે છે. છેલ્લા ત્રણ સપ્તાહના આંકડા તેની સાક્ષી પુરી રહ્યા છે.

દિલ્હી, યુપી, એમપી, હરિયાણા, છત્તીસગઢ, બિહાર જેવા રાજ્યોમાં પોઝિટિવીટી દર પાંચ ટકાથી ઓછો અથવા તેની આસપાસ આવી ગયો છે. આ રાજ્યોમાં પોઝીટીવીટી રેટ અને નવા કેસોની સંખ્યા માર્ચના અંતિમ સપ્તાહના સ્તરે પહોંચી ગયો છે. મોટાભાગના રાજ્યોએ લોકડાઉનનો નિર્ણય ૧૫ એપ્રિલ આસપાસ લીધો હતો. જ્યારે ઘણા રાજ્યોમાં પોઝીટીવીટી રેટ ૩૬ - ૩૭ ટકા સુધી પહોંચી ગયો હતો. જુનના પહેલા સપ્તાહથી કેટલાય રાજ્યોમાં લોકડાઉનમાં રાહત મળવાની આશા વ્યકત કરતા આ અધિકારીએ કહ્યું કે, પોઝીટીવીટી રેટ ઘટવા છતાં લોકડાઉન લંબાવવાનો નિર્ણય બે કારણોથી લેવાયો હતો. એક તો લોકડાઉન ખુલ્યા પછી પોઝીટીવીટી રેટ વધવાનું નક્કી માનવામાં આવે છે અને બીજું હાલમાં સક્રિય દર્દીઓની સંખ્યા હજુ પણ ઘણી વધારે છે. એટલે એ રાજ્યોએ વધારે સતર્ક થવાની જરૂર છે જ્યાં પોઝીટીવીટી રેટ ઓછો હોવા છતાં સક્રિય કેસોની સંખ્યા બહુ વધારે છે.

## અમદાવાદમાં કોરોના પછી મ્યુકોરમાઈકોસિસ અને હવે ગેંગરીનના કેસ વધ્યા

અમદાવાદ,
અમદાવાદમાં એક બીમારીથી રાહત મળે તો બીજી બીમારી તૈયાર થઈ જાય છે. પહેલા કોરોના પછી મ્યુકોરમાઈકોસિસ અને હવે ગેંગરીનના પણ કેસમાં વધારો થયો છે. કોરોના દર્દીઓમાં લોહી ગંઠાઈ જવાની સમસ્યા વધતાં અને લોહીનું નસોમાં પરિભ્રમણ બંધ થતાં ગેંગરીનના કેસો વધી રહ્યા છે, સાથે જ જો સમયસર ગેંગરીનનો ઈલાજ ના થાય તો દર્દીના શરીરના અંગ કાપવાની ફરજ પડે એવા પ્રકારની ઉપાધિ સર્જાઈ છે.

કોરોનાથી સ્વસ્થ થયા બાદ બ્લેક ફંગસ બાદ હવે ગેંગરીનના પણ કેસો વધ્યા છે. લાંબા સમય સુધી જો દર્દીમાં લોહી ગંઠાવાની સમસ્યા રહે તો ગેંગરીન થવાની શક્યતા વધી જાય છે, સાથે જ ગેંગરીનની અસર શરીરના જે અંગ પર થાય તેના રંગમાં બદલાવ આવવા લાગે છે. ગેંગરીનના દર્દીઓ વધતાં હવે લોકોમાં ફરી ભયનો માહોલ ફેલાઈ રહ્યો છે. હજુ મ્યુકોરમાઈકોસિસના ઈન્જેક્શનની વ્યવસ્થા થતી નથી અને હવે આ નવી સમસ્યા ઊભી થઈ છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ગાંગરડીવાલા મન્નાભાઈ અલીહુસેનભાઈ
મુ. વાસીયા ડુંગરી, તા. ધાનપુર

### શહેરા નગરપાલિકા જાહેર નિવિદા
**ટેન્ડર નોટીસ નં.૦૧ , વર્ષ ૨૦૨૧-૨૨**

મુખ્ય અધિકારી, શહેરા નગર પાલિકા, જિ.પંચમહાલ તરફથી શહેરા નગરપાલિકા વિસ્તારમાં નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે (૧) બાંધકામ વિભાગમાં કરવાના થતા કામો. (૨) પાણી પુરવઠા વિભાગમાં કરવાનો થતા કામો. (૩) ભુગર્ભ ગટરના નિભાવણીનું કામ. (૪) હેન્ડપંપ રીપેરીંગ કરવાના થતા કામો માટે વાર્ષિક ભાવો (એન્યુઅલ રેટ કોન્ટ્રાકટ) માટે રસ ધરાવતા સરકારશ્રીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાકટરો પાસેથી ઓનલાઈન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર તા.૨૫/૦૫/૨૦૨૧ થી તા.૦૮/૦૬/૨૦૨૧, સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે. તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા બીજા ડોકયુમેન્ટ તા.૧૧/૦૬/૨૦૨૧ ૧૬.૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે. આ ટેન્ડર અંગેની બીજી શરતો અને માહિતી માટે વેબસાઈટ www.nprocure.com પરથી મળી શકશે. ટેન્ડર તા.૧૪/૦૬/૨૦૨૧ બપોરના ૧૪.૦૦ કલાકે ઓપન કરવામાં આવશે. જેમાં ટેન્ડર કર્તાઓએ અત્રેની કચેરીમાં અવશ્ય હાજર રહેવાનુ રહેશે.


માહિતી/ગોધરા/૧૩૧/૨૦૨૧

| ચીફ ઓફીસર | કારોબારી અધ્યક્ષ | નાયકા યુ. એન. પ્રમુખ |
|---|---|---|
| નગરપાલિકા શહેરા | નગરપાલિકા શહેરા | નગરપાલિકા શહેરા |

## હિસારમાં ખેડૂતોનું પ્રદર્શન, રાકેશ ટિકૈતે કહ્યું- આવ્યા છીએ તો કેસ ઉકેલીને જ જઈશું

ન્યુ દિલ્હી,
હિસાર ખાતે કમિશનર ઓફિસનો ઘેરાવો કરવા માટે ખેડૂતો ક્રાંતિમાન પાર્કમાં એકઠા થવા શરૂ થઈ ગયા છે. જિંદ ખાતેથી આવનારા ખેડૂતો બરવાલા થઈને બાડો પટ્ટી ટોલ ખાતે એકત્રિત થઈ રહ્યા છે. રોહતક, દાદરી અને હાંસી બાજુથી આવનારા ખેડૂતો રામાયણ ટોલ પ્લાઝા ખાતે એકઠા થઈ રહ્યા છે. ખેડૂત નેતા રાકેશ ટિકૈત પણ રામાયણ ટોલ ખાતે પહોંચી ચુક્યા છે. આ દરમિયાન ટિકૈતે આવી ગયા છીએ તો કેસ ઉકેલીને જ જઈશું, આમનું ભવિષ્યનું મગજ પણ ઠીક કરીશું તે અર્થનું નિવેદન આપ્યું હતું.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૧૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા



દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૧૮ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. ઘટતાં કેસોની સામે કોરોનાથી સાજા થતાં દર્દીઓની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે પરંતુ ચિંતાનો વિષય એ છે કે, આ કોરોનાની બીજી લહેરમાં મૃત્યુ આંકમાં વધારો જોવા મળી રહ્યો છે. આજે કોરોનાથી ૦૨ દર્દીઓના મોત નીપજ્યાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

આર.ટી.પી.સી.આર.ના ૪૨૬ પૈકી ૦૮ અને રેપીટ ટેસ્ટના ૭૯૮ પૈકી ૧૦ મળી આજે કોરોનાના ૧૮ પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૧૮ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૪, દાહોદ ગ્રામ્યમાંથી ૦૧, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૧, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૫, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૧, સીંગવડમાંથી ૦૩, ધાનપુરમાંથી ૦૧ અને ફતેપુરામાંથી ૦૨ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૫૪ લોકો કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. દાહોદ જિલ્લામાં કોરોનાથી સાજા થતાં દર્દીઓની સંખ્યામાં વધારો થતાં એક્ટીવ કેસોની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. ૩૪૮ લોકો કોરોનાની સારવાર લઈ રહ્યાં છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૦૨૩ને પાર થઈ ગયો છે.

**દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા**

: અર્બન વિસ્તારો :
દાહોદ-૦૪
દે.બારીઆ-૦૫

: ગ્રામ્ય વિસ્તારોમાં :
દાહોદ-૦૧
ઝાલોદ-૦૧
દે.બારીયા-૦૧
સીંગવડ-૦૩
ધાનપુર-૦૧
ફતેપુરા-૦૨

# દાહોદ આરોગ્ય વિભાગ NHM ના ૪૩૩ કર્મચારીઓનું તંત્ર દ્વારા રાજીનામા સ્વીકારી લેતાં સ્તબ્ધતા સાથે ચકચાર

દાહોદ,

દાહોદ જિલ્લામાં આરોગ્ય વિભાગમાં એનએચએમ અંતર્ગત ફરજ બજાવતાં ૪૩૩ જેટલા કર્મચારીઓએ સામુહિક રાજીનામા આપ્યાં બાદ આ રાજીનામાં સંલગ્ન તંત્ર દ્વારા સ્વીકારી લેવાતાં કર્મચારી મંડળમાં પણ એક પ્રકારની સ્તબ્ધતાં સાથે ચકચાર વ્યાપી જવા પામી હતી. ત્યારે આજરોજ આ સંદર્ભે દાહોદ તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા કોરોના મહામારીના સંજોગોમાં હડતાળ પર આ કર્મચારીઓ ઉતરી જતાં નિયમોનું ભંગ જણાતાં એનએચએમના મહિલા સહિત ૮ કર્મચારીઓ વિરૂધ્ધ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં આરોગ્ય વિભાગ સહિત જિલ્લા વહીવટી તંત્ર સમેત પ્રજાજનોમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

દાહોદ જિલ્લાના ૪૩૩ કર્મચારીઓ પોતાની માંગ ન સંતોષાતા તારીખ ૧૨ મેથી હડતાળ પર હતા અને કાળી પટ્ટી ધારણ કરી વિરોધ સાથે ફરજ બજાવતા હતા. ત્યારે ૧૫ મેના રોજ તેમણે આંદોલનના અંતિમ ચરણમાં આ તમામ કર્મચારીઓએ સામુહિક રાજીનામા ધરી દેતાં તે તમામના રાજીનામાનો સ્વીકાર કરી લેતાં ચકચાર મચી જવા પામી હતી. આ કર્મચારીઓએ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને વકીલ મારફતે એક નોટીસ પણ આપી હતી. તેમાં જણાવવામાં આવ્યુ છે કે, આ કર્મચારીઓએ કોઇ રાજીનામાં આપ્યાં નથી. તેમાં તેમની સહી પણ નથી જેથી તેમને છુટા કરી શકાય નહી તેમ જણાવી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને ચેતવણી આપવામાં આવી છે કે જો આ તમામ કર્મચારીઓને ફરજ પર હાજર કરવામાં નહી આવે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આ સમગ્ર મામલે દાહોદ તાલુકા હેલ્થ ઓફિસ ડૉ.ભગીરથસિંહ નવલસિંહ બામણીયાએ આજરોજ દાહોદ તાલુકા પોલીસ મથકે પહોંચી દાહોદ જિલ્લામાં એનએચએમમાં ફરજ બજાવતાં કર્મચારી (૧) આશિષભાઈ પરમાર (રહે.બોરડી,પી.એચ.સી), (૨) ડૉ.અસ્મીતાબેન પટેલ (રહે.ધુધસ, પીએચસી, તા.ફતેપુરા, જિ.દાહોદ), (૩) ડૉ. હાર્દિક વ્યાસ (રહે. અર્બન હેલ્થ સેન્ટર, દેવદઢ બારીઆ), (૪) ડૉ. સોનલ નાયક (રહે. ઢઢેલા, પી.એચ.સી., તા.લીમખેડા), (૫) ડૉ. હીરલ દેસાઈ (રહે.પી.એચ.સી. બોરવાણી, તા.દાહોદ), (૬) મયુર પંચાલ (રહે. તાલુકા આરોગ્ય કચેરી ઝાલોદ), (૭) મુકેશ પટેલ (રહે. તાલુકા આરોગ્ય કચેરી, ધાનપુર) અને (૮) નરેન્દ્ર સંગાડા (રહે.તાલુકા આરોગ્ય કચેરી, ગરબાડા) વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં જણાવ્યું હતું કે, ઉપરોક્ત આઠેય જણાએ પોતાની પગાર વધારાની વિવિધ માંગણીઓ લગત હડતાળ ઉપર ઉતરી કોરોનાનો રોગચાળો ચાલતો હોઈ તેમજ વાવાઝોડાની કપરી પરિસ્થિતી હોય અધિકારી, કર્મચારીઓને હડતાળ કે, ફરજ ઉપરથી અળગા રહેવા બાબતે હુકમ થયેલા હોવા છતાં આવા સંજોગોમાં હડતાળ ઉપર ઉતર્યા હતાં. આ બાબતની ફરિયાદ ડૉ. ભગીરથસિંહ નવલસિંહ બામણીયાએ દાહોદ તાલુકા પોલીસ મથકે આપતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દેવગઢ બારીયાના ભથવાડા ગામે મકાનમાં આકસ્મિક આગ : ઘરવખરી સહિત પુત્રીને આપવાનું કરિયાવર બળીને ખાખ



દે.બારીયા,

દેવગઢ બારીયા તાલુકાના ભથવાડા ગામે એક મકાનમાં આકસ્મિક આગ લાગતા ઘર વકરી સામાન સહિત પુત્રીને આપવા નું કરિયાવર પણ બળી ને ખાક થઈ જતાં પુત્રીના પિતા ઉપર જાણે આભ તૂટી પડયું હોય તેમ સ્થાનિક રાજ્યકક્ષાના મંત્રી પણ ઘટના સ્થળે દોડી ગયા.

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારિયા તાલુકાના ભથવાડા ગામના પટેલ ફળિયામાં રહેતા અમરસિંહ ધીરૂભાઈ પટેલ ના ઘરે સાંજના સમયે ઘરમાં એકાએક આગ લાગતાં ઘરના સભ્યો કંઈક વિચારે તે પહેલાં જ જાણે ક્ષણ ભરમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા આખું ઘર આગની લપેટમાં આવી જતા આસપાસના લોકો આગ હોલવવા માટે દોડી આવ્યા હતા ત્યારે આગ બેકાબૂ બનતા બનાવની જાણ દેવગઢબારિયા ફાયર બ્રિગેડને કરવામાં આવતા ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલા તો જોત જોતા માં ઘરમાં રહેલ ઘરવખરી સામાન સહિત ઘરમાં એક પુત્રીના લગ્ન હોવાથી તે પુત્રી ને આપવા માટે મુકેલ કરિયાવર દર દાગીના કપડા સહિત બાઈક બળીને ખાક થઈ ગઈ હતી ત્યારે આ બનાવથી જે પુત્રીના લગ્નની તૈયારીઓ ચાલતી હતી. ત્યાં જ આકસ્મિક ઘરમાં આગ લાગતા જાણે જિંદગીભરની કમાણી એક જ પળમાં બળીને ખાખ થઇ જતા આ પરિવાર ઉપર જાણે આભ તૂટી પડયું હોય તેમ જોવાઈ રહ્યું છે. ત્યારે આ બનાવ ને નરી આંખોથી જોનારા લોકો ના પણ રુંવાડા ઉંભા થઈ ગયા હતા ત્યારે આ બનાવની જાણ સ્થાનિક રાજ્યકક્ષાના મંત્રી બચુભાઈ ખાબડ ને થતા તેઓ પણ ઘટનાસ્થળે દોડી ગયા હતાં અને જોતા મકાનમાલિક અમરસિંહભાઈ પટેલના હાથમાં જાણે કઈ જ રહ્યો ના હોય તેમ દેખાઈ આવ્યું હતું અને તેમને તાત્કાલિક ૧૦,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય કરી હતી.

# દાહોદ ગોદી રોડ વિસ્તારની વ્હોરા કોમની યુવતિને પ્રેમી લગ્ન કરવાની ના પાડતાં આઘાત લાગતા ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,

દાહોદ શહેરના ગોદીરોડ વિસ્તાર ખાતે આજે એક ચકચારી બનાવ સામે આવ્યો છે. એક ૨૪ વર્ષીય વ્હોરા સમાજની યુવતીના ચાર વર્ષના પ્રેમ સંબંધમાં તેનાજ સમાજના યુવકે લગ્ન કરવાની ના પાડી દેતાં આઘાતમાં ચાલી ગયેલ યુવતીએ આજરોજ પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યાં કરી લેતાં વિસ્તારમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. ઘટનાને પગલે યુવતીના પરિવારનોમાં આક્રંદનો માહોલ સર્જાઈ ગયો હતો. આ સંબંધે યુવતીના પિતા દ્વારા યુવક વિરૂધ્ધ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે તલસ્પર્શી તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

દાહોદ શહેરના ગોડીરોડ કુત્બી મસ્જીદની પાસે રહેતી ૨૪ વર્ષીય ફાતેમાં શબ્બીર હુસેન યુસુફભાઈ લીમખેડાવાલાને દાહોદ શહેરમાંજ ચાકલીયા રોડ પીસ પાર્ક અંડર બ્રીજ પાસે રહેતો હુસેન અબાસભાઈ શાકીર (ઉ.વ.૩૫) સાથે છેલ્લા ચાર વર્ષથી પ્રેમ સંબંધ હતો. વર્ષોથી હુસેન અને મૃતક ફાતેમાં વચ્ચે લગ્ન બાબતે વાતચીત પણ ચાલતી હતી પરંતુ હુસેન તૈયાર ન હતો અને ચાર વર્ષ સુધી વાયદા પર વાયદો કરતો હતો. આખરે હારી થાકેલી મૃતક ફાતેમાંએ ફરીવાર લગ્ન બાબતે પુછતાં હુસેને કહેલ કે, તારે બીજે લગ્ન કરવા હોય તો કરી લે, નહીં તો મરી જા, હું તારી સાથે લગ્ન કરવાનો નથી, તેમ કહેતાં મૃતક ફાતેમાંને મનમાં લાગી આવ્યું હતું અને તે આ આઘાત સહન કરી ન શકી. ફાતેમાને આત્મહત્યા કરવા મજબુર કરતાં ફાતેમાંએ આજરોજ પોતાના ઘરમાં પંખાની સાથે ઓઢણી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં આ સમાચાર પરિવારજનોમાં થતાં તાબડતોડ પરિવારજનો ઘર તરફ દોડી ગયાં હતાં અને ફાતેમાં લટકતી જોઈ આક્રંદ છવાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતકની લાશને પંખા પરથી નીચે ઉતારી પીએમ અર્થે નજીકના દવાખાને મોકલી આપી હતી. મૃતક યુવતીના ઘર પર પરિવારજનો સહિત સમાજના ટોળે ટોળે ઉમટી પડ્યાં હતાં. આ સંબંધે ફાતેમાના પિતા શબ્બીર હુસેન યુસુફભાઈ લીમખેડાવાલાએ દાહોદ શહેર પોલીસ મથકે યુવક હુસેન અબાસભાઈ શાકીર વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુરના કોઠારીયાની સગીર યુવતિને એક યુવક ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,

ધાનપુર તાલુકાના કોઠારીયા ગામે એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં સગીરાના વાલી વારસ દ્વારા સગીરાને સોંપી દેવા યુવક અને તેના પરિવારજનો પાસે માંગણી કરતાં ધાકધમકી આપી સગીરાને નહીં સોંપતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ધાનપુર તાલુકાના ધડા ગામે રહેતો અશ્વિનભાઈ અમરસિંહ પટેલ ગત તા.૨૩મી મેના રોજ ધાનપુર તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી અપહરણ કરી લઈ નાસી ગયો હતો. આ બાદ સગીરાના સગીરાની માતા દ્વારા યુવકના ઘરે જઈ પોતાની દીકરી સોંપી દેવાની માંગણી કરતાં યુવક તથા તેના પિતા અમરસીંગ ગમીરભાઈ પટેલે બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમારી છોકરીને અશ્વિનની પત્નિ તરીકે રાખવા સારૂ લાવેલ છે, તમોને સોંપવાના નથી, જ્યાં ફરીયાદ કરવી હોય ત્યાં ફરિયાદ કરો, તેમ કહેતાં આ સંબંધે સગીરાની માતા દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયા નગર પાલિકા દ્વારા પ્રિમોન્સુનની કામગીરી શરૂ તો થઈ પછી શું થયું ? કેમ બંધ કરી દેવામાં આવી છે ???



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકાના દ્વારા પ્રિમોન્સુનની કામગીરી જોરશોર થી કરવામાં આવી હતી. એક બાજુ જીઈબી સાથે કાર્ય કરવામાં આવતું હતું. જ્યારે ભે દરવાજા નિચવાસ ખાતે વરસાદી અને ગંદા પાણીની કાંસમાં ત્રણ-ચાર મજુરોના દ્વારા કાંસની સાફસફાઈનું કાર્ય હાથ ધરાયું હતું. સ્થાનિક રહેવાસીઓમાં ખુશી દેખવા મળી હતી. આ સાફસફાઈની કામગીરી બે દિવસ બાદ અચાનક બંધ કરી દેવાતા સાત દિવસો થી કાંસ માંથી સાફ કરેલો કચરાના ઢગ ત્યાંજ પથરાઈ ચૂકયા છે અને ફરી કાંસમાં પડશે તો તેનો બેવડો ખર્ચ થશે ફરી બીલો બનાવી ટકાવારી જીઈબી ભાગ બટાઉ થવાની સંભાવના રહેલી છે. ભ્રષ્ટ કોન્ટ્રાકટરો અને મળતીયા કર્મીઓના ખીસ્સા ભરવા માટે ખાલી દેખાવા પૂરતો પ્રિમોન્સુનની કામગીરી શરૂ કરી હતી કે શું ? આ આગળ આવતા ચોમાસ પહેલા તમામ કામગીરી પૂર્ણ થઈ જશે તે યક્ષ પ્રશ્ન છે. જૂન પહેલા સામેની વરસાદી દ્વારા જાની ફળીયા થી ભે ફળીયાની વરસાદી દ્વારા રી સાફ સફાઈ થાય અને જે કાદવ કચરો નાખે તેને તરત જ નિકાલ કરવામાં આવે કાદવ-કચરાના ઢગ ત્યાંજ ખરી પડયા છે. તેને ઉપાડવા માટે ક્યારનું મુર્હુત છે ? તે સેનેટરી ઈન્સ્પેક્ટર બતાવશે ખરા ? કે પછી આ પ્રિમોન્સુનની કામગીરી કાગળ ઉપર તો બતાવી દેવાશે કે શું? તેવું આમ જનતામાં ચર્ચાઇ રહ્યું છે.

# દાહોદમાં વેકસીન જનજાગૃતિ અભિયાનમાં ૩,૧૯,૬૩૭ લોકો એ વેકસીન લીધી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

કોરોના સામે વેક્સિન સૌથી વધુ અસરકારક શસ્ત્ર છે. સરકાર દ્વારા પણ વધુમાં વધુ લોકો વેક્સિન લઈને કોરોના સામે રક્ષણ મેળવે એ માટે જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ત્યારે દાહોદ જિલ્લામાં અત્યાર સુધીમાં ૩,૧૯,૬૩૭ લોકોએ વેક્સિન લઇ લીધી છે.

જિલ્લામાં ગત તા. ૧ એપ્રીલથી ૪૫ થી વધુ ઉંમરના તમામ લોકોને વેક્સિન આપવાની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં અત્યાર સુધીમાં ૧,૪૭,૧૭૦ લોકોએ વેક્સિનનો પ્રથમ ડોઝ લઇ લીધો છે. આ ઉપરાંત જેમને કોરોના સંક્રમણ લાગવાનો સૌથી વધુ ભય હોય છે અને જેમને કોરોના ગંભીર થવાની પણ વધુ શકયતાઓ છે તેવા ૬૦ થી વધુ ઉંમરના વડીલો અને ૪૫ કે તેથી વધુ ઉંમરના કોમોરબીડીટી ધરાવતા હોય તેવા પ્રાયરિટી એજ ગ્રુપના ૧,૪૪,૧૧૩ લોકોએ વેક્સિનનો પ્રથમ ડોઝ લઇ લીધો છે. જયારે ૧,૦૧,૭૪૯ લોકોએ વેક્સિનનો બીજો ડોઝ લઇ લીધો છે. આ ઉંમરમર્યાદા ધરાવતા લોકોને વેક્સિનના લક્ષ્યાંક પ્રમાણે જોઇએ તો પ્રથમ ડોઝ ૯૬.૭૨ ટકા લોકોને અપાઇ ગયો છે. જયારે ૭૦.૬૦ ટકા લોકોએ બીજો ડોઝ લઇ લીધો છે.

જે કર્મચારીઓ આરોગ્ય સેવાઓ સાથે સંકળાયેલા છે અને કોરોના દર્દીઓ સાથે પણ કામ કરવાનું થાય છે. તેવા ૧૨,૬૮૮ ફ્ન્ટલાઇન હેલ્થ કેર વર્કસને પ્રથમ ડોઝ અને ૧૨૬૮૩ લોકોને વેક્સિનનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત ફ્ન્ટલાઇન વર્કસ હોય તેવા ૧૫૬૫૪ કર્મચારીઓને વેક્સિનના બંને ડોઝ આપવામાં આવ્યા છે.

અત્યારે ગ્રામ્ય વિસ્તારમાં પણ કેસો મોટી સંખ્યામાં નોંધાઇ રહ્યાં હોય ગામડોઓમાં પણ વેક્સિન લેવા માટે જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ગામોના અગ્રણીઓ-આગેવાનો આ માટે નેતૃત્વ લઇને લોકજાગૃતિનું કાર્ય કરી રહ્યાં છે. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની પ્રેરણાથી શરૂ કરવામાં આવેલું મારૂ ગામ, કોરોના મુકત ગામને પણ વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે અને લોકો વેક્સિન માટે આગળ આવી રહ્યાં છે.

# દાહોદ MG રોડ ઉપર ભાડા કરારથી ભાડે આપેલ દુકાન ખાલી નહિ કરી ૨૫ લાખની માંગણી કરી ધમકી આતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરમાં એમ.જી.રોડ ખાતે આવેલ એક કોમ્પલેક્ષની બે દુકાનો ભાડા પેટે અગીયાર મહિનાના કરાર પેટે આપી કરાર મુજબ અગીયાર મહિના બાદ દુકાન ખાલી કરવાનો વિશ્વાસ આપી બાદમાં અગીયાર મહિના વીતી ગયાં બાદ દુકાન ખાલી ન કરી અને દુકાનના માલિકને ધાકધમકીઓ આપી રૂા.૨૫ લાખની માંગણી કરી ધાકધમકીઓ આપતાં આ સંબંધે દાહોદ પોલીસ મથકે બે વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

દાહોદ તાલુકાના ઉકરડી ગામે નુર મહોલ્લામાં રહેકા સોફીયા સેફીભાઈ ભાભરાવાલાની દાહોદ શહેરના એમ.જી.રોડ કુકડા ચોકમાં આવેલ સીટી સર્વેની જમીનમાં કૃષ્ણા શિવ કોમ્પ્લેક્ષમાં બે દુકાનો આવેલ છે. આ દુકાનોને સોફીયાબેને મહેશકુમાર રામભરોસે વર્મા (રહે.ગોધરા રોડ, નર્સીંગ કોલોની, દાહોદ) અને રાકેશસિંહ રાજદેવસિંહ ક્ષત્રીય (રહે. ગોધરા રોડ, જનતા કોલોની, દાહોદ)ને અગીયાર મહિનાના ભાડા કરારથી સોફીયાબેન પાસેથી તા.૩૦.૦૭.૨૦૨૦ થી તારીખ ૨૨.૦૫.૨૦૨૧ના સમયગાળા દરમ્યાન લીધી હતી. કરારથી ભાડે લઈને ભાડા કરાર મુજબ દુકાનો ખાલી કરવાનો વિશ્વાસ અને ભરોષો સોફીયાબેનને આપી દુકાનો ભાડે લીધી હતી. કરાર પુરો થથાં સોફીયાબેને પોતાની દુકાનો ઉપરોક્ત બંન્ને જણાને ખાલી કરી આપવાનું કહેતાં ખાલી કરવાની ના પાડી મારી નાંખવાની ધમકી આપી સોફીયાબેન પાસેથી રૂા.૨૫ લાખની માંગણી કરી બળજબરીથી નાણાં પડાવવાની કોશિષ કરી એકબીજાની મદદગારી કરતાં આ સંબંધે સોફીયાબેન સેફીભાઈ ભાભરાવાલાએ દાહોદ શહેર પોલીસ મથકે મહેશકુમાર રામભરોસે વર્મા અને રાકેશસિંહ રાજદેવસિંહ ક્ષત્રીય ફવિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદના નવા ગામે પાસે પોલીસે બોલેરો ગાડીનો પીછો કરી ગાડી માંથી ૧.૧૦ હજારના દારૂનો જથ્થો ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના નવાગામેથી પોલીસે એક શંકાસ્પદ બોલેરો ગાડીનો પીછો કરતાં બોલેરો ગાડીમાં સવાર ચાલકે પોલીસને જોઈ ગાડી ભગાવી હતી અને પોલીસે તેનો ફિલ્મી ઢબે પીછો કરતાં બોલેરો ગાડીમાં સવાર ચાલક સહિત બે જણા સ્થળ પર ગાડી મુકી નાસવાનો પ્રયાસ કરતાં પોલીસે બે જણાની અટક કરી ગાડીમાં તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા.૧,૧૦,૪૦૦ના મુદ્દામાલ સાથે બોલેરો ગાડી મળી કુલ રૂા.૪,૬૦,૪૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યાનું જાણવા મળે છે. ગત તા.૨૪મી મેના રોજ દાહોદ તાલુકાના કતવારા પોલીસને મળેલ બાતમીના આધારે નવાગામ પીપળી પાસે વોચ ગોઠવી ઉભા હતાં તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક બોલેરો ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને તેનો પીછો કર્યો હતો. પોલીસ પીછો કરતી હોવાની જોઈ ગાડીમાં સવાર ચાલકે પોતાના કબજાની બોલેરો ગાડી ભગાવી હતી. પોલીસે પણ તેનો પીછો કર્યો હતો. આ દરમ્યાન ગાડીમાં સવાર બે જણાએ સ્થળ પર ગાડી મુકી નાસવાનો પ્રયાસ કર્યો હતો અને નવાગામ ખાણ નદીમાંથી બંન્ને જણાને પોલીસે પીછો કરી ઝડપી પાડ્યાં હતાં. પોલીસે ગાડીની તલાસી લેતમાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો કિંમત રૂા.૧,૧૦,૪૦૦ના પ્રોહી જથ્થા સાથે બોલેરો ગાડીની કિંમત મળી કુલ રૂા.૪,૬૦,૪૦૦નો મુદ્દમાલ પોલીસે કબજે કર્યો હતો અને ગાડીમાં સવાર નિલેશભાઈ મડીયાભાઈ ગણાવા (રહે.વરમખેડા, માળી ફળિયું, દાહોદ) અને રાજુભાઈ વરસીંગભાઈ ભાભોર (રહે. મોટીખરજ, ભાભોર વડલી ફળિયું, દાહોદ) એમ બંન્નેની અટકાયત કરી કતવારા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સંજલીના ગોવિંદાતળાઈ ખાતે અત્યંત ઝેરી કિંગ કોબ્રા સાપ પકડાયો



સંજેલી,

સંજેલી તાલુકાના ગોવિંદાતળાઈ ખાતે રહેણાંક મકાનમાં ભયાનક કિંગ કોબ્રા ઝેરી સાપ પ્રવેશી ગયો હતો. જેની જાણ સંજેલી વનવિભાગને કરવામાં આવી હતી. વનવિભાગના કર્મીઓ દ્વારા ગોવિંદાતળાઈ ખાતે રેસ્ક્યુ કામગીરી હાથ ધરવામાં આવી હતી. યુદ્ધના ધોરણે સાપનું રેસ્ક્યુ કરીને ઘરમાંથી પકડી જંગલ વિસ્તારમાં સુરક્ષિત રિલીઝ કરવામાં આવ્યો હતો. કિંગ કોબ્રા સાપ ભયાનક ઝેરી સાપ માનવામાં આવે છે. જેને કારણે લોકો ભયભીત થઈ ગયા હતા. સદ્દભાગ્યે વનવિભાગની ટિમ દ્વારા સમય પર પહોંચી જઈને કિંગ કોબ્રા સાપને રેસ્ક્યુ કરીને પકડી પાડ્યો હતો. સંજેલી વનવિભાગના કર્મી ભુપેન્દ્રસિંહ રાજપૂત હિતેન્દ્ર પરમાર સહિતની ટીમ દ્વારા રહેણાંક મકાનમાંથી કિંગ કોબ્રા ઝેરી ભયાનક સાપને પકડી કુનેહપૂર્વક સુરક્ષિત જગ્યાએ રિલીઝ કરવામાં આવ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 231

## ગોધરા તાલુકાના નદીસર અને જુનીધરી ગામે

# લગ્ન પ્રસંગના વરઘોડામાં કોરોના ગાઈડ લાઈનના ધજાગરા

- સોશ્યલ ડિસ્ટન્સ વગર ડી.જે.ના તાલે લોકો ઝુમ્યા.
- ગ્રામ્ય વિસ્તારોમાં લગ્ન પ્રસંગોમાં ભીડભાડથી વધી રહ્યો છે કોરોના.
- ગણત્રીના કલાકોમાં પોલીસ દ્વારા જુનીધરી અને નદીસરના લગ્ન પ્રસંગના લોકો સામે નોંધી ફરિયાદ.





ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેરમાં ઘાતક બનીને ત્રાટકી હતી. રોજેરોજ વધતા જતાં કોરોના દર્દીઓ તેમજ વધતા જતાં મૃત્યુઆંક થી લોકો ડરી રહ્યા હતા. તેમાં શહેરી વિસ્તાર સાથે ગ્રામ્ય વિસ્તારો પણ કોરોના સંક્રમણના ભરડામાંથી બાકાત રહ્યા નથી. હાલ માંડ જીલ્લામાં કોરોના કેસમાં આંશિક ઘટાડો જોવા મળી રહ્યા છે. પણ કોરોના ગયો નથી. કોરોના થી સર્તકતા રાખવી જરૂરી છે. તેમ છતાં ગોધરા તાલુકાના ગામોમાં લગ્ન પ્રસંગોમાં કોરોના ગાઈડ લાઈનના ધજાગરા ઉડતા જોવા મળ્યા છે. કોરોના સંક્રમણના ડર વગર ડી.જે.ના તાલે લોકો ઝુમતા જોવા મળ્યા છે. ત્યારે સંક્રમણનો ખતરો વધી શકે તે નકારી શકાય તેમ નથી.

ગોધરા તાલુકામાં લગ્ન પ્રસંગમાં જુનીધરી બાદ નદીસર ગામે પણ લગ્નના વરઘોડોમાં લોકો ડી.જે.ના તાલે ભાન ભૂલી બિન્દાસ્ત નાચતા કુદતા જોવા મળી રહ્યા છે. ત્યારે નદીસર ગામના મહિલા સરપંચ પણ નાચતા હોવાનું વિડીઓમાં સ્પષ્ટ જોવાઈ રહ્યું છે. વરઘોડામાં લોકો માસ્ક અને સોશિઅલ ડિસ્ટન્સનો સરકારના જાહેરનામાનો છડેચોક કોઈપણ જાતના ડર કે ભય વગર ભંગ કરતા લોકો સામે કાંકણપુર પોલીસે ગુન્હો નોંધવાની જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

કોરોના મહામારીના કારણે ટૂંક સમય પહેલા સરકારી સિવિલ હોસ્પિટલ અને ખાનગી દવાખાના બહાર સારવાર માટે દર્દીઓની લાંબી લાઈનો તેમજ સ્મશાન ગૃહ ખાતે અંતિમ સંસ્કાર માટેના શબોની વેઈટીંગની પરિસ્થિતિ લોકો ભૂલી ગયા હોય તેમ હાલમાં લાગી રહ્યું છે. ત્યારે ગોધરા તાલુકાના ગ્રામ્ય વિસ્તાર એવા જુનીધરી ત્યારબાદ નદીસર ગામે લગ્ન પ્રસંગમાં વરઘોડામાં લોકો માસ્ક અને સોશિઅલ ડિસ્ટન્સના ધજાગરા ઉડાડતા જોવા મળી રહ્યા છે. વરઘોડામાં લોકો બિન્દાસ્ત બની ડી.જે.ના તાલે જુમી રહ્યા છે. ત્યારે નદીસર ગામના મહિલા સરપંચ પણ આ વરઘોડામાં મન મૂકી નાચ્યાં હોવાનો વિડીઓ વાયરલ થયો છે. કોરોના સંક્રમણ વધુ ફેલાઈ શકે છે, તેમ જાણતા હોવા છતાં પણ તમામ નીતિનિયમો નેવે મૂકી મહિલા સરપંચ ડી.જે.ના તાલે થિરકયા હતા. ત્યારે કાંકણપુર પોલીસ હરકતમાં આવી છે. પોલીસે નદીસર ખાતે જઈ વધુ તપાસ હાથ ધરી હતી અને જાહેરનામાનો ભંગ કરતા ઈસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ત્યારે પંચમહાલ જિલ્લા નાયબ પોલીસ વડા સી.સી.ખટાણાં એ આ મામલે જણાવ્યું હતું કે, ગોધરા તાલુકાના ગ્રામ્ય વિસ્તાર એવા જુનીધરી અને નદીસર ગામે લગ્ન પ્રસંગમાં પોલીસની પૂર્વ પરવાનગી વિના લગ્ન આયોજકોએ લગ્ન પ્રસંગ યોજી અને વરઘોડો કાઢી સરકારના જાહેરનામાનો ભંગ કરતા કાંકણપુર પોલીસે સ્થળ પર જઈ કસુરવારો સામે કાયદેસરના પગલાં ભરી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

છેલ્લા કેટલાક દિવસોથી શહેરી વિસ્તારને બાદ કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાએ માથુ ઉચક્યું છે. ગ્રામ્ય વિસ્તારના લોકો કોરોના વિશે અજાણ હોય તેમ લગ્ન પ્રસંગો કરી રહ્યા છે. અને તેને લઈ મોટી સંખ્યામાં ભેગા થઈ કોરોનાને બિન બુલાએનું આમંત્રણ આપી રહ્યાં હોય તેમ લાગી રહ્યું છે. સરકારના મિની લોકડાઉન બાદ કોરોનાએ થોડા અંશે કાબુમાં આવ્યો છે. ત્યારે મિની લોકડાઉનમાં રાહત આપતાં આજરોજ નદીસર અને જુનીધરી ગામમાં લગ્ન પ્રસંગોમાં કોરોના ગાઈડલાઈનનો ભંગ કરી રહ્યાં છે.

## ગોધરામાં એપેક્ષ લેબોરેટરી દ્વારા કોરોના ખોફમાં ડરનો વેપાર





પંચમહાલ સમાચાર


ગોધરા,


ગોધરા શહેરમાં આવેલ એપેક્ષ લેબોરેટરીમાં દર્દીઓની મજબુતનો ફાયદો ઉઠાવવામાં આવી રહ્યો છે. ખાનગી ડાંકટરોને લેબોરેટરી દ્વારા તગડું કમીશન આપીને દર્દીને પોતાની લેબમાં મોકલવા પ્રલોભન આપવામાં આવતું હોવાના ખુલાસો અગાઉ કરવામાં આવ્યો છે. તેમાં નવું પ્રકરણ ઉમેરાયું છે. ખાનગી હોસ્પિટલના તબીબો દ્વારા બહુ ચર્ચિત એપેક્ષ લેબમાં દર્દીઓ મોકલવામાં આવતા હતા. તેવા દર્દીઓના રીપોર્ટ ડાંકટરોની મન મરજી મુજબ બનાવી આપવામાં આવ્યા છે. જેને લઈ દર્દી હોસ્પિટલમાં ઈનડોર પેશન્ટ તરીકે ફી વસુલવામાં સરળતા રહે તે આમ દર્દીને લેબોરેટરી થી લઈ હોસ્પિટલ સુધી બેધારી રીતે વેતરવાનું રીતસરનું કૌભાંડ ચાલતું હતું.

ગોધરા શહેર નગર પાલિકા રોડ ઉપર આવેલ એપેક્ષ લેબોરેટરીના સંચાલક બે તબીબોને રાતોરાત નાણાં કમાઈ લેવાની લાલસામાં માનવતા નેવે મૂકી છે. લેબના સંચાલક તબીબો એ પોતાની લેબમાં વધારે દર્દીઓ આવે તેવા હેતુસર શહેરના ખાનગી હોસ્પિટલોના ડાંકટરો સાથે તગડું કમીશન આપવાનું નકકી કરીને તેમની હોસ્પિટલમાં આવતાં દર્દીઓના લોહી રિપોર્ટ તેમજ અન્ય રીપોર્ટ કરાવવા માટે પોતાની લેબોરેટરીમાં મોકલી આપવા પ્રલોભન આપવામાં આવ્યું હતું. તેના ભાગરૂપે ખાનગી હોસ્પિટલના ડાંકટર પણ લેબોરેટરીના તગડા કમીશન સાથે દર્દીને લુંટવાનો કિમીયો મળ્યો હોય તેમ લાગ્યું હતું. જેને લઈ ખાનગી હોસ્પિટલોના ડાંકટરો દ્વારા એપેક્ષ લેબોરેટરીમાં મોકલવામાં આવતાં દર્દીના રિપોર્ટ ડાંકટરોની મરજી મુજબ બનાવી આપવામાં આવતાં હતા. જેને લઈ આવી ખાનગી હોસ્પિટલના બેડ ભરાયેલા રહે. આંમ એક પરિસ્થિતીના માર્યા દર્દી ડાંકટરનો સહારો રહે છે. તેવા સમયમાં આવા માનવતા ભુલેલા એપેક્ષ લેબોરેટરીના સંચાલક તબીબો દર્દીઓનો કસ કાઢી લેવાનું ધંધો બનાવી બેઠા છે. એપેક્ષ લેબના કાળા કરતુતોને ખુલવા પાડવા માટે વેબ પોર્ટલ ન્યુઝ પાછળ લાગ્યું છે. તે માનવતાવાદી કાળ છે અને આ ઉમદાકામ થી કેટલાય ખોટી રીતે છેતરાતા બચી શકે છે. એપેક્ષ લેબોરેટરી દ્વારા દર્દીના રીપોર્ટ આપવામાં આવ્યો હતો. તે જ દિવસે દર્દીના અન્ય લેબમાં રીપોર્ટમાં ઘણો ફરક જોવા મળ્યો હતો. એપેક્ષ લેબ દ્વારા દર્દીને ગંભીર સ્થિતી હોય તેવા રીપોર્ટમાં દર્શાવાયું હતું. જ્યારે અન્ય લેબના રીપોર્ટમાં નોર્મલ સ્થિતી જણાઈ આવી હતી. આમ, એપેક્ષ લેબ દ્વારા રીપોર્ટમાં કરવા આવતાં છબડાને લઈ રીપોર્ટને સોશ્યલ મીડીયામાં વાયરલ કરીને એપેક્ષ લેબની વાસ્વવિકતા દર્શાવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**હાલ કોરોના કાળમાં ડાંકટરોને લોકો ભગવાન સમજી રહ્યા છે. ત્યારે બીજી બાજુ ગોધરાના એપેક્ષ લેબોરેટરી દ્વારા દર્દીને ડરાવનાર રીપોર્ટ બહાર આવ્યો છે. જેમાં એક દર્દી દ્વારા ગોધરાની ૩ લેબોરેટરીમાં (C.R.P.) ટેસ્ટ કરાવ્યો હતો અને ૩ લેબોરેટરી માંથી ૨ લેબોરેટરી દ્વારા નોર્મલ રીપોર્ટ આપ્યો. જયારે એપેક્ષ લેબોરેટરી દ્વારા દર્દીને ડરાવનાર રીપોર્ટ આપવામાં અવ્યો હતો. આવા ખોટા રીપોર્ટ બહાર આવવાથી એપેક્ષ લેબોરેટરી દ્વારા ડાંકટરના કહ્યા પ્રમાણે રીપોટીમાં છેડછાડ કરી રીપોર્ટ બનાવતા હોવાનું બહાર આવ્યું છે. શું તંત્ર આ લેબોરેટરી સામે કાયદેસરના પગલા ભરશે ખરી ??**




## શહેરાના ભેંસાલ ગામના જાંબુડી ફળિયાના બે રહેણાંક ઘરમાં આગ લાગી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના ભેંસાલ ગામના જાંબુડી ફળિયાના બે રહેણાંક ઘરમાં કોઈ કારણસર આગ લાગી હતી. બે ઘરોમાં આગ લાગવાના કારણે ઘર વખરી સહિત પશુઓને ખવડાવવાનો સૂકાં ઘાસના પૂળા બળી જતાં ઘર માલિકના આંખમાં આંસુ આવી ગયા હતા. ગામના સરપંચ દલપત પગીને બે ઘર માલિકે આગ લાગવાથી એક લાખથી વધુ રૂપિયાનું નુકશાન થયુ હોવાનું જણાવ્યું હતું.

શહેરાના ભેંસાલ ગામના જાંબુડી ફળિયામાં સવિતાબેન અને ખાત્રીબેન અમરસિંહ પગીના રહેણાક મકાનમાં અચાનક કોઈ કારણસર આગ લાગી હતી. આ બે રહેણાક મકાનમાં આગ લાગતા સ્થળ પર અફરા તફરીનો માહોલ સર્જાવા સાથે સ્થાનિક લોકો દ્વારા હેન્ડ પંપ પરથી પાણી ભરી લાવીને ઓલ આવવાની કોશિષ કરવામાં આવી રહી હતી. ગામના સરપંચ દલપતસિંહ પગી એ ફાયર બ્રિગેડ સહિત સબંધિત તંત્રને જાણ કરી હતી. આગ લાગેલ બે ઘરમાં પશુઓને ખવડાવવાના સૂકાં ઘાસના પૂળા હોવાથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. શહેરા નગર પાલિકાનું ફાયર ફાઈટર આવી જતા પાણીનો મારો શરૂ કરતા આગ કાબૂમા આવી ગઈ હતી. ઘર માલિક સવિતાબેન અને ખાત્રીબેન અમરસિંહ પગી એ ગામના સરપંચ દલપતસિંહ પગી તેમજ તલાટી કમ મંત્રી રેખાબેનને જણાવ્યુ હતું કે, આગ લાગવાથી ઘર વખરી અને ઘાસના પૂળા સહિત રૂપિયા એક લાખથી વધુ નુકશાન થયુ છે. વિધવા બે બહેનોના ઘરમાં કોઈ કારણસર આગ લાગી હોવાથી ઘરવખરી બળીને ખાખ થઈ જતા આંખમાંથી આંસુ વહેતા જોવા મળી રહયા હતા. ગ્રામ પંચાયતના તલાટી રેખાબેન દ્વારા બનેલા બનાવની જાણ તાલુકા પંચાયત કચેરી ખાતે કરવામાં આવી હતી. તાલુકા પંથકમાં આગ લાગવાના અનેક બનાવો બની રહયા હોય તેમા સહાય મળતી નહી હોવાનુ લોકોમાં ચર્ચાઈ રહ્યુ છે. ત્યારે સંબંધિત તંત્ર ઉપરોક્ત બાબતે ગંભીરતાથી લઈને આગ લાગે તે મકાન માલિકને થોડી ઘણી સહાય મળે તે માટે યોગ્ય કાર્યવાહી કરે તે જરૂરી છે.



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

કોમર્સ કોલેજ ગોધરાના એન.એસ.એસ.એકમ દવારા આજરોજ કોલેજ ખાતે વેકશીનેસન રજીસ્ટ્રેશન કેમ્પ યોજાઈ ગયો જેમાં વરદાન C.S.C અને ઈગલ ગ્રુપ પંચમહાલ ભતભ ડિસ્ટ્રીક્ટ મેનેજર માર્ગદર્શન હેઠળ ૪૮ વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન કરાયા હતા તથા વેકશીનેસનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

## પંચમહાલ જીલ્લામાં આજરોજ ૬૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમિત કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આજરોજ ૬૮ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. જ્યારે ૧૮૬ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે. જીલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં કોરોના સંક્રમણ ઘટતાં આરોગ્ય વિભાગમાં રાહત જોવા મળી છે. પંચમહાલ જીલ્લો કોરોનાની બીજી લહેરમાં પ્રભાવિત થયો હતો. કુદકે ને ભુસકે કોરોના સંક્રમણના દર્દીઓ વધતાં આરોગ્ય સેવાઓ ખોરવાઈ જાય તેવી સ્થિતી ઉભી થવા પામી હતી. રાજ્ય સરકાર દ્વારા સંક્રમણને કાબુ લેવા માટે આંશિક લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામે કોરોના સંક્રમણમાં આંશિક ઘટાડો જોવા મળ્યો છે. છેલ્લા બે–ત્રણ દિવસ થી કોરોના ઘટી રહ્યા છે. તેમાં પણ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સંક્રમણ વધી રહ્યું હતું. તેમાં ઘટાડો જોવા મળ્યો છે. કોરોના સંક્રમણના કેસ ઘટતા તેમજ કોવિડ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોય તેવા દર્દીઓની રીકવરી રેટ પણ વધ્યો છે. આજરોજ જીલ્લાની કોવિડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૧૮૬ જેટલા દર્દીઓ કોરોનાને માત આપીને સાજા થતાં રજા અપાઈ છે. હાલ જીલ્લામાં સક્રિય કેસ ૮૩૨ થવા પામ્યો છે. તેને લઈ વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્રમાં રાહત જોવા મળી છે. આરોગ્ય વિભાગ દ્વારા અપીલ કરાઈ છે કે, કોરોના સંક્રમણના કેસ ઘટી રહ્યા છે. કોરોના ગયો નથી માટે માસ્ક અને સોશ્યલ ડિસ્ટનસનું પાલન કરવું જરૂરી છે. તેનું પાલન કરો.

### પંચમહાલ જીલ્લાની આજની કોરોના સ્થિતી

| : શહેરી વિસ્તાર : |
|---|
| ગોધરા-૦૭ |
| હાલોલ - ૦૪ |
| કાલોલ - ૦૨ |
| શહેરા - ૦૧ |
| **: ગ્રામ્ય વિસ્તાર :** |
| ગોધરા - ૧૧ |
| હાલોલ - ૦૭ |
| કાલોલ - ૧૯ |
| જાંબુઘોડા - ૦૪ |
| ઘોઘંબા - ૦૧ |
| મોરવા(હ) - 03 |
| શહેરા - ૦૯ |
| **સક્રિય કેસ - ૮૩૨** |
| **રજા અપાઈ - ૧૮૬** |
| **મૃત્યુ આંક - ૦૦** |

કાલોલ વિધાનસભાના ધારાસભ્ય સુમનબેન ચૌહાણ દ્વારા કાનપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ની મુલાકાત લીધી તથા વિસ્તારમાં આવતા કાનપુર વાવની મુવાડી, મહાદેવીયા કાટાવેડા જેવા ગામોમાં જે કોરોનામાં જંગ હારી ગયા તેમણા પરીવાર સાથે મુલાકાત કરી દુઃખ વ્યકત કર્યું.




તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

## પાવાગઢ માતાજીના પ્રત્યક્ષ દર્શન માટે ૧ જુન સુધી બંધ રાખવાનો નિર્ણય



પાવાગઢ,

પાવાગઢ યાત્રાધામ મંદિર ટ્રસ્ટ દ્વારા કોરોના સંક્રમણની સ્થિતીને જોતાં ૧ જુન સુધી મંદિરમાં ભક્તો માટે દર્શન બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. માઈ ભક્તો ઓનલાઈન દર્શન કરી શકશે. યાત્રાધામ શક્તિપીઠ પાવાગઢ માતાજીના પ્રત્યક્ષ દર્શન ૨૪ મે સુધી બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. હાલમાં જ્યારે કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે અને કોરોના સંક્રમણ લોકોમાં ફેલાતો અટકે તેવા પ્રયાસ સરકાર દ્વારા કરાઈ રહ્યા છે. તેને જોતાં પાવાગઢ માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા માતાજીના પ્રત્યક્ષ દર્શન ૧ જુન સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. માઈ ભક્તો માટે ઓનલાઈન દર્શનની સુવિધા ચાલુ રાખવામાં આવી છે. પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા ૧ જુનના રોજ કોરોના સ્થિતીનો અનુરૂપ નિર્ણય લેશે.